Last Date of Physical submission Technical Bid uploads by scan and physical By RPAD and Speed Post.	14-12-2026 18:00
Tender Open Date	10-12-2026

Place :- Gandhinagar
Tender Offered by:

Sd/-
Executive Engineer,
Public Health Works Division, Gandhinagar
Sector-11, Sahyog Sankul, B-Wing 5th Floor, B/h Pathika Ashram, Gandhinagar

INF/1860/2026-27

ગોધરા ટ્રેન કાંડઃ સાત દોષિતોની પેરોલ મુદત ગુજરાત હાઈકોર્ટે વધુ ત્રણ અઠવાડિયા લંબાવી

(પ્રતિનિધિ) ગોધરા, વર્ષ ૨૦૦૨ના ચકચારી ગોધરા ટ્રેન કાંડમાં દોષિત ઠરેલા સાત કેદીઓને ગુજરાત હાઈકોર્ટે મોટી રાહત આપતા તેમની પેરોલની મુદત વધુ ત્રણ અઠવાડિયા માટે લંબાવી દીધી છે.જસ્ટિસ ડી.એન. રેની બેન્ચે અગાઉ મંજૂર કરવામાં આવેલી પેરોલની મુદત વધારવાનો આદેશ કર્યો હતો અને કેસની વધુ સુનાવણી આગામી ૧૦ ડિસેમ્બરના રોજ નિર્ધારિત કરી છે.

હાઈકોર્ટ સમક્ષ પેરોલ લંબાવવા માટે મહેબૂબ યાકુબ મીઠા ઉર્ફે પોપા શેખ, મહેબૂબ અહેમદ યુસુફ હસન ઉર્ફે લતીકો, જાબિર બિન્યામીન બહેરા, રમઝાની બિન્યામીન બહેરા, શોકત યુસુફ ઈસ્માઈલ મોહન ઉર્ફે બીબીનો ઘાંચી, સિરાજ મોહમ્મદ અબ્દુલ રહેમાન મેડા ઉર્ફે લાલ અને અનવર મહમદ મેડા ઉર્ફે લાલા શેખ દ્વારા અરજીઓ કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ મહિનામાં આ દોષિતોની પેરોલ અરજીઓ પર વિચારણા કરતી વખતે હાઈકોર્ટે રાજ્ય સરકારની રજૂઆતને ધ્યાનમાં લીધી હતી.રાજ્ય સરકારે કોર્ટને જણાવ્યું હતું કે દોષિતોની સજા માફીની અરજીઓ નામંજૂર કરતો છેલ્લો આદેશ થયાના એક વર્ષ બાદ સંબંધિત સત્તામંડળે તેમના કેસની પુનઃવિચારણા કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. તે સમયે હાઈકોર્ટે સત્તામંડળને પ્રાથમિકતાના ધોરણે ચાર મહિનામાં યોગ્ય નિર્ણય લેવા નિર્દેશ આપ્યો હતો. દોષિતોએ જેલમાં ભોગવેલા સમયગાળાને ધ્યાનમાં રાખીને, સત્તામંડળ નવો નિર્ણય લે અથવા ચાર મહિના—બેમાંથી જે સમય વહેલો આવે ત્યાં સુધી તેમને પેરોલ પર મુક્ત કરવામાં આવ્યા હતા.આ ચકચારી કેસની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, માર્ચ ૨૦૧૧માં ટ્રાયલ કોર્ટે કુલ ૩૧ લોકોને દોષિત ઠેરવ્યા હતા, જેમાંથી ૧૧ આરોપીઓને ફાંસીની સજા અને અન્ય ૨૦ લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે ૬૩ આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં ગુજરાત હાઈકોર્ટે ૧૧ દોષિતોની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી અને અન્ય ૨૦ દોષિતોની આજીવન કેદની સજા યથાવત રાખી હતી. હાલમાં દોષિતોએ પોતાની સજાને પડકારતી ફોજદારી અપીલો સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે, જે હજુ પડતર છે. બીજી તરફ, ૧૧ દોષિતોની ફાંસીની સજા ઘટાડીને આજીવન કેદ કરવાના હાઈકોર્ટના નિર્ણય સામે ગુજરાત સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં અલગથી અપીલો દાખલ કરી છે.

દાહોદના ગરબાડા પ્રવાસના બીજા દિવસે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાદગી અને સંવેદનશીલતાનું આપ્યું અનોખું ઉદાહરણ



(પ્રતિનિધિ) ગોધરા, દાહોદ જિલ્લાના ગરબાડા પ્રવાસના બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાદગીનો વધુ એક સુંદર પ્રસંગ સામે આવ્યો હતો. રતનમહાલથી ગરબાડા જતી વખતે પીપર ગોટા ગામ નજીક મુખ્યમંત્રીએ અચાનક પોતાનો કાફલો રોકાવ્યો હતો. ત્યારબાદ તેઓ કાચા રસ્તાઓ પરથી ચાલીને આદિજાતિ ખેડૂત બકુલભાઈ વાખળાના ઘરે પહોંચ્યા હતા. અહીં મુખ્યમંત્રીએ ખેડૂત પરિવાર સાથે આત્મીયતાપૂર્વક મુલાકાત કરી મકાઈની ખેતી, પાકની સ્થિતિ અને પરિવારની આજીવિકા અંગે વાતચીત કરી હતી. એટલું જ નહીં, પરિવારના બાળક સાથે પણ વડીલના વાત્સલ્યભાવથી શાળા અને અભ્યાસ અંગે સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીની આ ઓચિંતી મુલાકાતથી ગામલોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી પોતે જ ઘરે આવી પરિવારના હાલચાલ પૂછે તે બાબતથી આદિવાસી પરિવારમાં આનંદ અને લાગણીની છવાઈ હતી.

અમદાવાદમાં નાગરિકોની ફરિયાદોનો ઢગલો, વિવિધ વિભાગોને ૨,૦૦૭ સૂચનો મળ્યા

બજેટ ૨૦૨૭-૨૮ માટે નાગરિકો પાસેથી મંગાવાયેલા સૂચનોમાં ફરજિયાત સેવાઓને લગતા ૧,૦૭૪ અને મરજિયાત સેવાઓને લગતા ૬૩૩ સૂચનો : દક્ષિણ ઝોનમાંથી સૌથી વધુ ૪૧૮ સૂચનો મળ્યા

(પ્રતિનિધિ) અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટની તૈયારીના ભાગરૂપે શહેરના નાગરિકો પાસેથી મંગાવવામાં આવેલા સૂચનોમાં કુલ ૨,૦૦૭ સૂચનો પ્રાપ્ત થયા છે. જેમાં ઈમેલ મારફતે ૪૫૮ સૂચનો મળ્યા છે. જ્યારે ફરજિયાત સેવાઓને લગતા ૧,૦૭૪ અને મરજિયાત સેવાઓને લગતા ૬૩૩ સૂચનોનો સમાવેશ થાય છે. શહેરના વિવિધ ઝોનમાંથી મળેલા સૂચનોમાં દક્ષિણ ઝોનમાંથી સૌથી વધુ ૪૧૮ સૂચનો પ્રાપ્ત થયા છે. ખાસ કરીને રોડ, ગટર, વરસાદી પાણીના નિકાલ અને સ્ટ્રીટલાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ અંગે નાગરિકોએ સૂચનો રજૂ કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટમાં નાગરિકોની જરૂરિયાતોને સ્થાન આપવા માટે વિવિધ વિસ્તારોમાંથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા અંતર્ગત શહેરના સાત ઝોનમાંથી સૂચનો પ્રાપ્ત થયા છે. જેમાં મધ્ય ઝોનમાંથી ૭૨, પૂર્વ ઝોનમાંથી ૨૮૩, ઉત્તર ઝોનમાંથી ૪૦, દક્ષિણ ઝોનમાંથી ૪૧૮, પશ્ચિમ ઝોનમાંથી ૨૦, ઉત્તર-પશ્ચિમ ઝોનમાંથી ૩૬ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાંથી ૧૭૩ સૂચનો મળ્યા છે. આમ, દક્ષિણ અને પૂર્વ ઝોનમાંથી અન્ય વિસ્તારોની સરખામણીએ વધુ સૂચનો મળ્યા હોવાનું સામે આવ્યું છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની ફરજિયાત સેવાઓમાં રસ્તા, ગટર, પાણી પુરવઠો, વરસાદી પાણીનો નિકાલ અને જાહેર પ્રકાશ વ્યવસ્થા જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. આ સેવાઓને લગતા ૧,૦૭૪ સૂચનો પ્રાપ્ત થયા છે. જ્યારે મરજિયાત સેવાઓને લગતા ૬૩૩ સૂચનો મળ્યા છે. ખાસ કરીને રોડ, ગટર અને વરસાદી પાણીના નિકાલ માટે ૪૩૫ તથા લાઈટ વિભાગને લગતા ૧૫૮ સૂચનો મળ્યા હોવાનું નોંધાયું છે. આ આંકડા દર્શાવે છે કે શહેરના નાગરિકો દ્વારા પ્રાથમિક સુવિધાઓને લગતા મુદ્દાઓ બજેટ પ્રક્રિયા દરમિયાન રજૂ કરવામાં આવ્યા છે.

જોકે નાગરિકો પાસેથી મળેલા આ સૂચનોમાંથી કેટલા સૂચનો આગામી બજેટમાં સામેલ કરવામાં આવશે અને તેના અમલીકરણ માટે કેટલી રકમ ફાળવવામાં આવશે તે અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સૂચનોનું વિભાગવાર મૂલ્યાંકન કરીને બજેટમાં જરૂરી જોગવાઈ કરવામાં આવે તેવી અપેક્ષા છે. નાગરિકોના સૂચનોના આધારે શહેરની પ્રાથમિક સુવિધાઓમાં કેટલો સુધારો થાય છે તે આગામી બજેટ અને તેની અમલવારી બાદ સ્પષ્ટ થશે.

જિલ્લા કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાના અધ્યક્ષસ્થાને જિલ્લા રોગી કલ્યાણ સમિતિની પ્રથમ બેઠક યોજાઈ

મોડાસા જનરલ હોસ્પિટલ ડિસેમ્બર માસથી શરૂ કરવાનું આયોજન



(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

(પ્રતિનિધિ) મોડાસા, અરવલ્લી જિલ્લાના આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત થવા જઈ રહ્યું છે. મોડાસા ખાતે લાંબા સમયથી પ્રતીક્ષિત જનરલ હોસ્પિટલને કાર્યરત કરવાની દિશામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાના અધ્યક્ષસ્થાને જનરલ હોસ્પિટલ, મોડાસા ખાતે જિલ્લા રોગી કલ્યાણ સમિતિની પ્રથમ બેઠક યોજાઈ હતી. બેઠકમાં હોસ્પિટલને આગામી ડિસેમ્બર માસથી શરૂ કરવા માટે જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કરવા અને બાકી રહેલી કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા અંગે વિસ્તૃત ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં હોસ્પિટલની કામગીરીની પ્રગતિની સમીક્ષા સાથે જરૂરી મંજૂરીઓ, તબીબી સાધનો, મશીનરી, દવાઓ, કન્ઝ્યુમેબલ્સ અને માનવબળની ઉપલબ્ધતા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હોસ્પિટલને કાર્યરત કરવા માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ, બિલ્ડિંગ યુઝ પરમિશન, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સહિતની જરૂરી મંજૂરીઓ મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જ્જ્ઞ્જ્ઞ્- મારફતે જરૂરી તબીબી સાધનોની ખરીદીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

આ હોસ્પિટલમાં ઁહૃ, ઈમરજન્સી, લેબર રૂમ, જીદ્ગઝ્ર, ડાયાલિસિસ, બ્લડ સેન્ટર, લિંક છઇ્ સેન્ટર અને ડે-કેર કીમોથેરાપી જેવી આરોગ્ય સેવાઓ શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત ઝ્ર્, ઝ્ર જીષ્ઠટ્ઠહ, ઙ્ઘૈખ્તૈંટ્ઠઙ્મ ઠ-ઇટ્ઠઅ અને ૨-ડ્ઢ ઈર્ઝ્ર જેવી આધુનિક તપાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલ માટે જરૂરી તબીબી અને અન્ય સ્ટાફની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ હોસ્પિટલની કામગીરીને પ્રાથમિકતા આપી જરૂરી તમામ વ્યવસ્થાઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત વિભાગોને માર્ગદર્શન આપ્યું હતું. ડિસેમ્બર-૨૦૨૬ના અંત સુધીમાં ૩૦૦ બેડની હોસ્પિટલની સેવાઓ શરૂ કરવાના લક્ષ્યાંક સાથે સંકલિત રીતે કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

મોડાસા જનરલ હોસ્પિટલ કાર્યરત થવાથી અરવલ્લી જિલ્લાના નાગરિકોને સ્થાનિક સ્તરે જ આધુનિક અને વિશેષ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે. ખાસ કરીને ગંભીર બીમારીઓની સારવાર માટે અન્ય શહેરોમાં જવાની જરૂરિયાતમાં ઘટાડો થશે અને ગરીબ તથા જરૂરિયાતમંદ દર્દીઓને મોટી રાહત મળશે. આ હોસ્પિટલ જિલ્લાના આરોગ્ય માળખાને વધુ સુદ્દઢ બનાવવાની સાથે આરોગ્ય ક્ષેત્રે વિકાસની નવી દિશા ખોલશે.

બેઠકમાં ધારાસભ્યશ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મહેક જૈન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જયેશ પરમાર, કાર્યપાલક ઈજનેરશ્રી, ઁ એન.એમ. પટેલ, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રતિનિધિશ્રી ડૉ. જલવાભાઈ શાહ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રતિનિધિશ્રી વનિતાબેન પટેલ સહિત તબીબી અધિકારીઓ, સામાજિક કાર્યકરો અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા ગોપાષ્ટમીના દિને ગૌ પૂજન યોજાયું



(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા, કાર્તિક સુદ આઠમ એટલે કે ગોપાષ્ટમીના પવિત્ર દિવસે ખેડબ્રહ્મા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા ઉત્તર ગુજરાત પ્રાંત પ્રેરિત ગૌરક્ષા ગૌ સંવર્ધન આયામ ખેડબ્રહ્મા દ્વારા શ્યામનગર પાસે માણેકનાથ મહાદેવ મંદિરે ગૌ પૂજન યોજાયું. આ પ્રસંગે માણેકનાથ મહાદેવ મંદિરના મહંત શ્રી શામળ ગીરી મહારાજ, મુખ્ય વક્તા શ્રી જશુભાઈ પટેલ નીચી ધનાલ કંપા વાળા, જિલ્લા ઉપાધ્યક્ષ ભરતભાઈ પ્રજાપતિ, ઉપાધ્યક્ષ જયંતીભાઈ પટેલ સહમંત્રી માલજીભાઈ દેસાઈ, સહમંત્રી રાજુભાઈ ભાવાણી, કોષાધ્યક્ષ અતુલભાઈ ગાંધી, જિલ્લા સામાજિક સમરસતા સહપ્રમુખ કાંતિભાઈ પટેલ, જિલ્લા બજરંગદળ સહ સંયોજક રામભાઈ ભાટ, ખેડબ્રહ્મા પ્રખંડ મંત્રી કુલદીપભાઈ જોશી, ગૌરક્ષા સન્માનના કાર્યકર્તા મનીષભાઈ પટેલ, મનનભાઈ વોરા, ખેડબ્રહ્મા જિલ્લા પ્રચાર પ્રસાર પ્રમુખ કૃણાલભાઈ પંચાલ, દુર્ગાવાહિની સાબરકાંઠા વિભાગ સયોજિકા સિદ્ધિબેન જોશી, જિલ્લા દુર્ગા વાહીની સયોજિકા હીનાબેન ઠાકોર, માતૃશક્તિ દુર્ગાવાહિન ની દીકરીઓ તથા કાર્યકર્તા બંધુઓ અને સામાજિક કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા કાર્યક્રમને અંતે સૌને પ્રસાદ વહેંચાયો હતો.

જામનગર : ભારત વિકાસ પરિષદ દ્વારા સેવા કાર્ય

જામનગર, ભારત વિકાસ પરિષદ જામનગર શાખા દાતાના સહયોગ તથા દીપાવલીના તહેવારો દરમિયાન અવિરત વર્ષોથી સતત ચાલતા પ્રકલ્પ અંતર્ગત દરિદ્ર નારાયણ એવા શ્રમિક પરિવાર માટે ગાયના શુદ્ધ ઘી ની મીઠાઈ અને ફરસાણ શહેરના રસ્તા પર છૂટક શ્રમ કરનાર તથા હાલાર સોલ્ટ તથા માધાપર ભૂંગા, હાલાર સોલ્ટ અગરિયા કોલોની, વાલસુરા રોડ અને સ્વામીનારાયણ નગર વસતા વિસ્તારમાં પરિવારમાં આશરે શ્રમિક ૩૦૦ પરિવારમાં મીઠાઈ, ફરસાણ અને બિસ્કિટ, વેફર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમ સંયોજક ભાવેશભાઈ બારમેડા, સેવા કન્વીનર વિનોદભાઈ પુરોહિત દ્વારા જણાવાયું છે.

અમદાવાદમાંથી ચોરી કરેલા ૪ એક્ટિવા સાથે બે રીઢા વાહનચોરને ખેડા એલસીબીએ ઝડપી પાડ્યા



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

(પ્રતિનિધિ) નડિયાદ, ખેડા એલસીબી પોલીસે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ચોરી કરેલા ૪ ટુ-વ્હીલર સાથે બે આરોપીઓને ઝડપી પાડી વાહન ચોરીના કુલ ૪ અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. જોકે આ આરોપીઓએ અત્યાર સુધીમાં ૩૮ ઠેકાણે ચોરી કરી હોવાની વિગતો બહાર આવી છે જેમાં નડિયાદ અમદાવાદ ગાંધીનગર પાટણ વગેરે ઠેકાણીની ચોરીનો સમાવેશ થાય છે આરોપીને વધુ તપાસ માટે નડિયાદ પશ્ચિમ પોલીસને સોંપવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ખેડા એલસીબી પીઆઈ એમ.જે.બારોટના માર્ગદર્શન મુજબ એલસીબીના ઋતુરાજસિંહ અને ધરમપાલસિંહ અને એલસીબી સ્ટાફની પોલીસ તા. ૧૮/૧૧/૨૦૨૬ના રોજ નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન વૈશાલી સિનેમા પાસે આવતા ધરમપાલસિંહ ને બાતમી મળી હતી કે ઈન્દિરા નગરી પાણીની ટાંકી પાસે રહેતો અજયભાઈ ઉર્ફે બુચીયો ઈશ્વરભાઈ કાંગસીયાને એક શખ્સ ચોરીનું એક્ટિવા આપવા ઈન્દિરા નગરી તળાવ પાસે આવવાનો છે. આ બાતમીના આધારે પોલીસે ઈન્દિરા નગરી તળાવ નજીક વોચ ગોઠવી બંને શખ્સોને ઝડપી પાડી પૂછપરછ કરતા એક્ટિવા લેવા આવેલ શખ્સનું નામ અજયભાઈ ઉર્ફે બુચીયો ઈશ્વરભાઈ કાંગસીયા (રહે. ઈન્દિરા નગરી, પાણીની ટાંકી પાસે, વૈશાલી રોડ, નડિયાદ-૨) અને કાળા રંગનું એક્ટિવા લઈને આવેલ શખ્સનું નામ હિતેશ ફુટરમલ જૈન (રહે. કિરણ એપાર્ટમેન્ટ, શનિદેવ મંદિર પાસે, શાહીબાગ, અમદાવાદ) હોવાનું ખુલ્યું હતું. પોલીસે

બંને પાસેથી મળેલા એક્ટિવા અંગે સંતોષકારક આધાર-પુરાવા ન મળતા સઘન પૂછપરછ કરતા હિતેશ જૈને કબૂલાત કરી હતી કે આ એક્ટિવા અમદાવાદના મણિનગર ખાતેથી ચોરી લાવ્યો છે. વધુમાં આશરે દસેક દિવસ અગાઉ તેણે અલગ-અલગ સમયે અમદાવાદમાંથી ચોરી કરેલા ત્રણ એક્ટિવા અજય ઉર્ફે બુચીયાને વેચવા માટે આપ્યા હતા, જે અજયના ઘરની પાછળ મુકેલા હોઈ પોલીસે અજયના ઘરની પાછળથી તે ત્રણેય વાહનો પણ કબજે કર્યા હતા.

આ વાહનો મામલે અમદાવાદ શહેરના મોટેરા પોલીસ સ્ટેશનમાં ૨, સોલા પોલીસ સ્ટેશનમાં ૧ અને મણિનગર પોલીસ સ્ટેશનમાં ૧ મળી કુલ ૪ વાહન ચોરીના ગુના નોંધાયેલા હતા, જે ગુના ડીટેક્ટ થયા છે.

પોલીસ રેકોર્ડ મુજબ, આરોપી હિતેશ ફુટરમલ જૈન વાહન ચોરીનો રીઢો ગુનેગાર છે અને તેની સામે અમદાવાદ, ગાંધીનગર, નડિયાદ, પાટણ, બનાસકાંઠા અને મહેસાણાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ વાહન ચોરી સહિતના ૩૮ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે આરોપી અજયભાઈ ઉર્ફે બુચીયો સામે પણ નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે. એલસીબી ખેડા પોલીસે કુલ રૂ. ૯૦,૦૦૦ ની કિંમતના ચારેય વાહનો કબજે કરી બંને આરોપીઓની અટકાયત કરી આગળની કાર્યવાહી કરવા માટે નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનને સોંપ્યા છે.

નયારા એનર્જી દ્વારા નવીનીકરણ કરાયેલી બે ગૌશાળાને ખુલ્લી મુકાઈ



(પ્રતિનિધિ) જામનગર, આંતરરાષ્ટ્રીય સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારા એનર્જી દ્વારા વાડીનાર રિફાઈનરી નજીકના ગામોમાં અનેકવિધ સામાજિક સેવાઓ અવિરતપણે કરવામાં આવી રહી છે. તાજેતરમાં વડાલિયા સિંહણ ગામમાં શ્રી વચ્છરાજ ગૌ સેવા સમિતિ અને દાંતા ગામમાં શ્રી દાંતા ગૌ સેવા સમિતિ સંચાલિત ગૌશાળાનું નવીનીકરણ કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત કરવામાં આવ્યું હતું. બંને ગૌશાળામાં પશુધન માટે જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. નવીનીકરણ બાદ બંને ગામમાં સરપંચ, અગ્રણીઓની હાજરીમાં ગૌશાળાને ઉપયોગ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. ગૌશાળાના નવીનીકરણના કાર્યનો ઉદ્દેશ્ય પશુધન આશ્રય માળખાને મજબૂત બનાવવા, સ્વચ્છતા અને પશુ કલ્યાણમાં સુધારો કરવા અને સમુદાય-માલિકીની અને ટકાઉ પશુધન વ્યવસ્થાપન પ્રણાલીઓને પ્રોત્સાહન આપવાનો છે.

ગોધરા સબજેલમાં કાચા કામના કેદીએ બાથરૂમમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ગોધરા, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આવેલી સબજેલમાં કાચા કામના એક કેદીએ બાથરૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં જેલ પ્રશાસનમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓનો કાફલો સબજેલ ખાતે દોડી ગયો હતો. જ્યારે ફોરેન્સિક નિષ્ણાતોની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધરા શહેરના દાહોદ રોડ સ્થિત શાંતિ પ્રકાશ સોસાયટીમાં રહેતા સુનિલભાઈ દેવદાસ ચંદવાણીને જુલાઈ ૨૦૨૫માં પત્નીની હત્યાના આરોપસર પોલીસે ધરપકડ કરી હતી. પત્નીના આડા સંબંધ હોવાની શંકાને પગલે તેમણે પત્નીનું ગળું દબાવી હત્યા કરી હોવાનો આરોપ હતો. આ ગુનામાં ધરપકડ બાદ તેમને ગોધરા સબજેલમાં કાચા કામના કેદી તરીકે રાખવામાં આવ્યા હતા.

દરમિયાન બુધવારે બપોરના સમયે સુનિલભાઈએ જેલની બેરેકની બહાર આવેલા બાથરૂમમાં પોતાના પેન્ટની દોરી વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. જેલ કર્મચારીઓને જાણ થતાં તપાસ કરતાં તેઓ બાથરૂમમાં જમીન પર પડેલી હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટનાને પગલે જેલ પરિસરમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડીવાયએસપી, એસ.ડી.એમ., મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ગોધરા સબજેલ ખાતે પહોંચ્યા હતા. બીજી તરફ ફોરેન્સિક ટીમે પણ ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી જરૂરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

વલસાડની દીકરી જયવી ભાનુશાલીની કૂડો સ્પર્ધામાં ડબલ ધમાકેદાર સિદ્ધિ



(પ્રતિનિધિ) વલસાડ, નાની ઉંમરે જ રમતગમતના ક્ષેત્રમાં પોતાની પ્રતિભાનો પરિચય આપતી વલસાડની દીકરીએ અમદાવાદ ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત કૂડો સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કરીને બે મેડલ પોતાના નામે કર્યા છે. જયવીએ આંતરરાષ્ટ્રીય કૂડો ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય કૂડો ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી વલસાડનું નામ રોશન કર્યું છે.

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૨ થી ૧૭ નવેમ્બર દરમિયાન યોજાયેલી આ સ્પર્ધાઓમાં જયવી કરન ભાનુશાલીએ અદભુત રમતકૌશલ્ય, સાહસ, શિસ્ત અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું હતું. જેમાં ૧૮મી અક્ષય કુમાર ઈન્ટરનેશનલ કૂડો ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭માં યુ-૧૧ ગર્લ્સ, ૩૩ કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ જ્યારે ૧૭મી કૂડો નેશનલ ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭માં આ જ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતીને બેવડી સફળતા પ્રાપ્ત કરી હતી.આ ભવ્ય સ્પર્ધામાં દેશભરમાંથી અંદાજે ૫,૪૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

કૂડો ઈન્ડિયાના ચેરમેન અક્ષય કુમાર, શિહાન વિસ્પી ખરાડી અને હેન્સી મેહુલ વોરાના માર્ગદર્શન અને સહયોગ સાથે કીફી એસોસિએશન તથા યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સહયોગથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, અક્ષય કુમાર, ભૂમિ પેડનેકર સહિતના મહાનુભાવો અને અન્ય અગ્રણી વ્યક્તિઓની ઉપસ્થિતિએ સ્પર્ધાની શોભામાં વધારો કર્યો હતો.જયવી છેલ્લા ચાર વર્ષથી વલસાડ સ્પોર્ટ્સ સેન્ટર, નગરપાલિકા ખાતે પોતાના કોચ સેન્સેઈ તરુણ ઢીમ્મરના માર્ગદર્શન હેઠળ કૂડો રમતની તાલીમ લઈ રહી છે. સખત મહેનત અને રમત પ્રત્યેની અખૂટ લગનના પરિણામે જયવીએ નાની ઉંમરે જ આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. જયવીની આ સફળતા પાછળ માતા દૃષ્ટિનો સિંહફાળો રહ્યો છે. સાથે જ પિતાની પ્રેરણા, પરિવારનો સહયોગ અને કોચનું અમૂલ્ય માર્ગદર્શન પણ મહત્વપૂર્ણ રહ્યું છે. જયવીની આ સિદ્ધિથી પરિવારજનો, મિત્રો, કચ્છી ભાનુશાલી સમાજ અને વલસાડમાં આનંદ તથા ગૌરવની લાગણી પ્રસરી છે.

આણંદ જિલ્લા તંત્રની ગેરકાયદેસર ખનન સામે લાલ આંખઃ ગેરકાયદે ખાણકામ ઝડપાયું

(પ્રતિનિધિ) આણંદ, આણંદના જિલ્લા કલેક્ટરશ્રી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ આણંદના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની તપાસ ટીમ દ્વારા આણંદ જિલ્લાના મહી નદી પટ્ટ વિસ્તાર તથા અન્ય સ્થળો પર આકસ્મિક તપાસ હાથ ધરીને ગેરકાયદેસર ખાણકામ અને વહન સામે સઘન કાર્યવાહી કરવામાં આવી છે.

આ કાર્યવાહી દરમિયાન આણંદ તાલુકાના માંદવાપુરા/વાસદના મહી નદી પટ્ટ વિસ્તાર ખાતેથી ૦૨ એક્સેવેટર મશીન, ૦૨ યાંત્રિક નાવડી (બોટ) અને ૦૨ રેતી ચાળવાના ચારણા સીઝ કરી આશરે રૂપીયા ૧.૩૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં છે. આ ઉપરાંત આંકલાવ તાલુકાના ગંભીરા-બામણગામમાં મહી નદી પટ્ટ વિસ્તાર ખાતેથી કુલ ૦૩ યાંત્રિક નાવડી (બોટ) સીઝ કરી આશરે રૂપીયા ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. બોરસદ તાલુકાના કઠાણા-રામપુરા ખાતેથી ખાનગી માલીકી જમીનમાંથી સાદી માટી ખનીજનું ગેરકાયદેસર ખાણકામ અને વહન બદલ ૦૧ જેસીબી મશીન તથા ૦૧ ટ્રેક્ટર/ટ્રોલી સીઝ કરી અંદાજે રૂપીયા ૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે અને અજરપુરા-સોલાપુરા રોડ પર રોડ અકસ્માત દરમિયાન તપાસ કરતાં સાદી રેતીનું ગેરકાયદેસર વહન કરતું ૦૧ ટ્રક/ડમ્પર સીઝ કરી અંદાજે રૂપીયા ૪૦ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. આણંદ તાલુકાના સારસા ખાતે ખાનગી જમીનમાંથી સાદી માટીનું ગેરકાયદેસર ખાણકામ અને વહન કરવા બદલ કુલ ૦૨ જેસીબી મશીન અને કુલ ૦૪ ટ્રક/ડમ્પર સીઝ કરી અંદાજે રૂપીયા ૧.૮૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

Disclaimer

"Readers are requested to verify and make appropriate inquiries to satisfy themselves about the veracity of an advertisement before responding. The Publisher, Printer, Owner, or Editor of **WESTERN TIMES** does not vouch for the authenticity of any advertisement or advertiser's products/services. This includes the accuracy of any financial results or figures provided by the Directors of listed or unlisted companies. Readers must independently verify all details. In no event can the publication be held liable for any damages or claims arising out of these advertisements."

જાહેર નોટીસ

આથી જાહેર જનતા ને જણાવવામાં આવે છે કે અમારા અસીલ જયેશકુમાર આસમલજી મહેતાની ફરમાઈશ તથા સૂચના થી આ જાહેરાત આપવામાં આવે છે કે

જત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ, શહેર અમદાવાદ-૭ (ઓઢવ) રખીયાલ વોર્ડના ટી. પી સ્કીમ નંબર : ૧૦ ના ફાઈનલ પ્લોટ નંબર : ૬૬ પૈકી સબપ્લોટ નંબર : ૧ ની જમીન ઉપર બનેલ મંગલ એસ્ટેટમાં આવેલ શેડ નંબર-૧૬ વાળી મિલકત જેમાં કુલે ૭૩ ચો. વાર (૬૧.૦૩ ચો. મીટર) નો પ્લોટ અને તેના ઉપર ના બાંધકામ ૯૧.૧૦ ચો. મીટર છે. મજકુર શેડ નંબર-૧૬ વાળી મીલકત મંગલ એસ્ટેટમાં, ચકુડિયા મહાદેવ પાસે, રખીયાલ અમદાવાદમાં આવેલ છે. તે મીલકત સામે અમારા અસીલે ધીરાણ માટે એચડીએફસી બેન્કનો સંપર્ક કરેલ છે.

સદરહુ મીલકત **જયેશકુમાર આસમલજી મહેતા** એ સબ રજીસ્ટ્રાર ઓફીસ અમદાવાદ-૭ (ઓઢવ) માં રજીસ્ટર થયેલ વેચાણ દસ્તાવેજ નંબર ૨૦૦૪ થી તા. ૦૬. ૦૫. ૨૦૦૫.૧૬.૦૫.૨૦૦૫ ના રોજ શિલ્પા પ્લાસ્ટીક તે નામની ભાગીદારી પેઢી પાસેથી વેચાણ રાખેલ. ત્યારથી સદરહુ મીલકત નો માલિકિ તથા કબજો અમારા અસીલ જયેશકુમાર આસમલજી મહેતા ધરાવે છે તેમજ આ મીલકતની માલકી ને લગતા તમામ અસલ વેચાણ દસ્તાવેજો તથા અસલ પાવતીઓ ધરાવે છે. પરંતુ ફકત એક જ અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ પાવતી મળી આવતી નથી જેની વિગત નીચે પ્રમાણે છે

રૂપાબેન અતુલભાઈ પાઠક એ ઇન્દ્રવદન કાંટાવાલા તથા તેમના ભાગીદાર ગોવિંદભાઈ નટવરભાઈ તથા મંગલ કોર્પોરેશન વિગેરે પાસેથી વેચાણ રાખેલ શેડ નં. ૧૬ નો દસ્તાવેજ જે સબ રજીસ્ટ્રાર, અમદાવાદ માં અનુક્રમ નં. ૧૧૬૯૬ થી તા. ૦૭.૦૭.૧૯૮૭ ના રોજ નોંધાયેલ છે - તે ઓરીજીનલ દસ્તાવેજ

સદરહુ મીલકત પર અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે પેઢીનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હીસ્સો, હીત, સંબંધ, ગીરી, બોજો, અલાખો, ઈઝમેન્ટ રાઈટસ પોષાતો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખીત જાણ અમોને રજી. એ. ડી. થી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેતો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ માની અમારા અસીલને સદરહુ મીલતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો તકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ, તા. ૨૦.૧૧.૨૦૨૬

-:: ખખ્ખર એસોસીયેટસ ::-
પ્રફુલ એમ. ખખ્ખર, એડવોકેટ રવિ પો. ખખ્ખર, એડવોકેટ ઠે. બી ૩૦૪/ સન સાઉથ વોન્ડ મેરી ગોલ્ડ સર્કલ, સફલ પરીસર રોડ સાઉથ બોપલ, અમદાવાદ- ૩૮૦૦૫૮.
મો. નં: ૯૮૭૯૫૮૧૨૭૫

જાહેર નોટીસ

આથી જાહેર જનતા ને જણાવવામાં આવે છે કે અમારા અસીલ મહેતા હર્ષે જયેશ ની ફરમાઈશ તથા સૂચના થી આ જાહેરાત આપવામાં આવે છે કે

જત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીક્ટ, શહેર અમદાવાદ-૭ (ઓઢવ) રખીયાલ વોર્ડના ટી. પી સ્કીમ નંબર : ૧૦ ના ફાઈનલ પ્લોટ નંબર : ૬૬ પૈકી સબપ્લોટ નંબર : ૧ નો જમીન ઉપર બનેલ મંગલ એસ્ટેટમાં આવેલ શેડ નંબર-૯ વાળી મિલકત જેમાં કુલે ૭૩ ચો.વાર (૬૧.૦૩૫ ચો. મીટર) નો પ્લોટ અને તેના ઉપર મ્યુનિસિપલ બોલના માપ મુજબ બાંધકામ ૧૩૭.૪૩ ચો. મોટર છે જેનો મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર : ૦૪૦૭-૦૩-૦૩૦૧-૦૦૦૧-ઈ તથા ટોરેન્ટ પાવર ગ્રાહક નંબર ૬૫૭૮૩૨ છે. મજકુર શેડ નંબર-૯ વાળી મીલકત મંગલ એસ્ટેટમાં, ચકુડિયા મહાદેવ પાસે, રખીયાલ અમદાવાદમાં આવેલ છે. તે મીલકત અમારા અસીલે ધીરાણ માટે એચડીએફસી બેન્કનો સંપર્ક કરેલ છે.

સદરહુ મીલકત **મહેતા હર્ષે જયેશ** એ સબ રજીસ્ટ્રાર ઓફીસ અમદાવાદ-૭ (ઓઢવ) માં રજીસ્ટર થયેલ બોન અવેજી બક્ષીસ દસ્તાવેજ નંબર ૧૨૪૬ થી તા. ૨૭.૦૧.૨૦૨૫ ના રોજ (૧) આસમલજી સીરેમલજી મહેતા પાસેથી બક્ષીસમાં મેળવેલ છે. ત્યારથી સદરહુ મીલકતની માલિકિ તથા કબજો અમારા અસીલ મહેતા હર્ષે જયેશ ધરરાવે છે તેમજ આ મીલકતની માલકી ને લગતા તમામ અસલ વેચાણ દસ્તાવેજો તથા અસલ પાવતીઓ ધરાવે છે. પરંતુ ફકત એક જ અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ પાવતી મળી આવતી નથી જેની વિગત નીચે પ્રમાણે છે

અરૂણાબેન રસીકલાલ પટેલ એ (૧) ઈન્દ્રવદન કાંટાવાલા તથા તેમના ભાગીદાર ગોવિંદભાઈ નટવરભાઈ તથા મંગલ કોર્પોરેશન વિગેરે પાસેથી વેચાણ રાખેલ શેડ નં. ૯ નો દસ્તાવેજ જે સબ રજીસ્ટ્રાર, અમદાવાદ માં અનુક્રમ નં. ૧૩૧૫૦ થી તા. ૩૧.૦૭. ૨૧૯૮૭ ના રોજ નોંધાયેલ છે તે ઓરીજીનલ દસ્તાવેજ.

સદરહુ મીલકત પર અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે પેઢીનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હોસ્સો, હીત. સંબંધ, ગીરો, બોજો, અલાખો, ઈઝમેન્ટ રાઈટસ પોષાતો હોય તો આ નોટોસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખીત જાણ અમોને રજી.એ.ડી. થી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેતો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ માની અમારા અસીલને સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો તકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ તા. ૨૦.૧૧.૨૦૨૬

-:: ખખ્ખર એસોસીયેટસ ::-
પ્રફુલ એમ. ખખ્ખર, એડવોકેટ રવિ પો. ખખ્ખર, એડવોકેટ ઠે. બી ૩૦૪/ સન સાઉથ વોન્ડ મેરી ગોલ્ડ સર્કલ, સફલ પરીસર રોડ સાઉથ બોપલ, અમદાવાદ- ૩૮૦૦૫૮.
મો. નં: ૯૮૭૯૫૮૧૨૭૫

ગોલ્ડકાર્ટ જ્વેલ્સ લિમિટેડ

CIN: L36910GJ2010PLC059513
રજી.ઓફીસ : ૭, મિલેનિયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે, માનસી ક્રોસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ગુજરાત-૩૮૦૦૧૫. • Email: cs@sonahisona.com, Website: www.goldkartjewels.com

અસાધારણ સામાન્ય સભા (EGM), બુક ક્લોઝર અને ઈ-વોટિંગ અંગેની સૂચના

આથી સૂચિત કરવામાં આવે છે કે, કંપનીની 'એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગ' (EGM) શનિવાર, ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે (IST) કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ - ૭, મિલેનિયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિરની સામે, માનસી ક્રોસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ – ૩૮૦૦૧૫, ગુજરાત, ભારત ખાતે યોજાશે. આ સભા 'કંપની ધારો, ૨૦૧૩' (Companies Act, 2013) અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમો તથા 'SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫'ની જોગવાઈઓ અનુસાર યોજાશે, જેમાં EGMની નોટિસમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ અને તેની સાથે વંચાતી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ")ના નિયમ ૪૨ અનુસાર, EGM (અસાધારણ સામાન્ય સભા)ના હેતુસર, કંપનીનું સભ્યોનું રજિસ્ટર (Register of Members) અને શેર ટ્રાન્સફર બુક શનિવાર, ૦૫ ડિસેમ્બર, ૨૦૨૬ થી શનિવાર, ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે..

આ કાયદાની કલમ ૧૦૮ની જોગવાઈઓ, કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (જેમાં સમયાંતરે સુધારા કરવામાં આવ્યા છે) ના નિયમ ૨૦, અને SEBI લિસ્ટિંગ નિયમનોના નિયમન ૪૪ અનુસાર, સભ્યોને આ નોટિસમાં દર્શાવવામાં આવેલા તમામ ઠરાવો પર 'નેશનલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ' દ્વારા પૂરી પાડવામાં આવતી ઈ-વોટિંગ સેવાઓ મારફતે ઇલેક્ટ્રોનિક રીતે મત આપવાની સુવિધા આપવામાં આવે છે. સભ્યોના મતાધિકાર, 'કટ-ઓફ તારીખ' એટલે કે શનિવાર, ૦૫ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ કંપનીની ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડીમાં તેમના શેરના પ્રમાણમાં રહેશે.

કંપનીના જે સભ્યોના ઈમેલ સરનામાં ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કંપની અથવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (Depository Participants) પાસે નોંધાયેલા હતા, તેવા સભ્યોને અસાધારણ સામાન્ય સભા (Extra-Ordinary General Meeting) બોલાવવા અંગેની નોટિસ ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે મોકલવામાં આવી હતી.

રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો બુધવાર, ૦૯ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે (IST) શરૂ થશે અને શુક્રવાર, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે (IST) સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઈલેક્ટ્રોનિક માધ્યમથી પોતાનો મત આપી શકે છે. આ સમયમર્યાદા પછી ઈ-વોટિંગ મૉડ્યુલ કાર્યરત રહેશે નહીં. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપ્યો નથી અને જેમને મત આપવા પર અન્ય કોઈ પ્રતિબંધ નથી, તેઓ EGM (અસાધારણ સામાન્ય સભા) દરમિયાન બેલેટ પેપર દ્વારા મત આપવા માટે પાત્ર રહેશે. સભ્યો રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યા પછી પણ સભામાં ભાગ લઈ શકે છે, પરંતુ તેઓ સભા દરમિયાન ફરીથી મત આપી શકશે નહીં. રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટેની વિગતવાર સૂચનાઓ EGMની નોટિસનો ભાગ છે.

જે વ્યક્તિ 'કટ-ઓફ' તારીખે શેર ધરાવતી હોય, તે helpdesk.evoting@nsdlindia.com પર વિનંતી મોકલીને લોગિન આઈડી (login ID) અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો આવી વ્યક્તિ પહેલેથી જ ઈ-વોટિંગ માટે NSDL સાથે નોંધાયેલ હોય, તો તેઓ તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને મતદાન કરી શકે છે. ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધાને લગતી કોઈપણ ફરિયાદના કિસ્સામાં, કૃપા કરીને કંપની સેક્રેટરી શ્રીમતી ફલક પટેલનો ઈમેલ આઈડી cs@sonahisona.com પર અથવા ફોન નંબર +91 8511191111 પર સંપર્ક કરો. રિમોટ ઈ-વોટિંગ, EGM (અસાધારણ સામાન્ય સભા) દરમિયાન ઈ-વોટિંગ, ફિઝિકલ કે ડિમેટ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો અને જે સભ્યોના ઈમેલ આઈડી નોંધાયેલા નથી તેવા સભ્યો માટેની વિગતો જાણવા, કૃપા કરીને EGM ની નોટિસ જુઓ. ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવા અંગેના કોઈપણ પ્રશ્નો માટે, કૃપા કરીને www.evoting.nsdl.com પર ઉપલબ્ધ 'વારંવાર પૂછાતા પ્રશ્નો' (FAQs) અને ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ જુઓ, અથવા evoting@nsdl.co.in પર ઈમેલ કરો, અથવા ટોલ-ફ્રી નંબર 1800 22 55 33 પર સંપર્ક કરો.

ગોલ્ડકાર્ટ જ્વેલ્સ લિમિટેડ, વતી
સહી/-
વિજય ચિનુભાઈ શાહ
મેનેજિંગ ડિરેક્ટર - DIN: 02895347

તારીખ : 19/11/2026
સ્થળ : અમદાવાદ.